જા.ક્ર.મા-૨/૨૦૨૬/ 1719

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૭/૦૧/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત મતદારો દ્વારા આપવામાં આવેલ પૂરાવાઓની ખરાઈ કરી આપવા બાબતના તા.૨૨/૦૧/૨૦૨૬ના પત્રાંક:મઉમશબ/વિ.સે.કે./૪૬ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:મઉમશબ/વિ.સે.કે./ ४૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જૂના સચિવાલય પાસે, સેક્ટર-૧૦/બી,
ગાંધીનગર.
તા. ૨૨/૦૨/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય- મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ મતદારો દ્વારા આપવામાં આવેલ પુરાવાઓની ખરાઈ કરવા બાબત

સંદર્ભ- મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગાંધીનગરના તા.૧૯/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક: ઈએલઆર/૧૪૨૫/૨૧૬(૨)/છ.

સંદર્ભ- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા. ૨૪/૧૨/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:મઉમશબ/શાનિ/૨૧૮૦/૨૧૫

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ જાહેર કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત તા.૧૯/૧૨/૨૦૨૫ થી તા.૧૮/૦૧/૨૦૨૬ સુધીનો સમયગાળો હક્ક-દાવા અને વાંધા અરજીઓના નિકાલ માટે નિયત કરવામાં આવેલ છે.

જે મતદારોના નામનું મેપીંગ વર્ષ-૨૦૦૨ ની મતદારયાદીમાં તેઓના કે તેઓના માતા-પિતા/દાદા-દાદીના નામ સાથે થઈ શકેલ નથી, તેઓને આ સમયગાળા દરમિયાન નોટિસ પાઠવી તેઓની ERO/AERO કક્ષાએ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે અને તેઓની મતદાર તરીકેની યોગ્યતા પ્રસ્થાપિત કરવા આયોગ દ્વારા નિયત કરવામાં આવેલ પુરાવાઓ મેળવવામાં આવશે. મતદાર દ્વારા આપવામાં આવેલ પુરાવાઓની જરૂર જણાયે ખરાઈ થયા બાદ તેઓનું નામ આખરી મતદારયાદીમાં દાખલ થઈ શકશે અને તેઓ મતદાર તરીકે ચાલુ રહી શકશે.

આથી, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અંતર્ગત મતદાર દ્વારા જન્મતારીખના પુરાવા તરીકે આપવામાં આવેલ મેટ્રીક્યુલેશન સર્ટીફીકેટની ખરાઈ કરવા માટે શાળાના રેકર્ડ જેવા કે, શાળા છોડ્યાના પ્રમાણપત્ર (એલ.સી.)ની નકલ, જનરલ રજીસ્ટર (જી.આર.)ની નકલ, એસ.આર.માંથી ખરાઈ કરી આપવા આપના જિલ્લાના તાબા હેઠળની તમામ શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

આપના જિલ્લાના મા. કલેક્ટરશ્રીના સંકલનમાં રહી આપના જિલ્લાના મતદારો દ્વારા જન્મતારીખના પુરાવા તરીકે આપવામાં આવેલ અન્ય જિલ્લાના મેટ્રીક્યુલેશન સર્ટીફીકેટની ખરાઈ કરવા માટે સબંધિત જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો સંપર્ક કરી SIRની કામગીરી કરવા જણાવવામાં આવે છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

બિડાણ: જિલ્લાના ઈન્ડેક્ષ નંબરની યાદી

<u>નકલ સવિનય રવાના:-</u>
ઉપ સચિવશ્રી,
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી,
સરદાર ભવન, બ્લોક નં.૭, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

## GUJARAT SECONDARY & HIGHER SECONDARY EDUCATION BOARD, GANDHINAGAR

| Sr. No. | District | INDEX NUMBER FOR SSC | INDEX NUMBER FOR HSC | INDEX NUMBER FOR Sanaskrit Madhyama |
|---|---|---|---|---|
| 1 | AHMEDABAD CITY | 50 | 1 | 201 |
| 2 | AHMEDABAD RURAL | 51 | 2 | |
| 3 | AMRELI | 52 | 3 | 203 |
| 4 | KUTCHH | 53 | 4 | 204 |
| 5 | KHEDA | 54 | 5 | 205 |
| 6 | GANDHINAGAR | 55 | 27 | 227 |
| 7 | JAMNAGAR | 56 | 6 | 206 |
| 8 | JUNAGADH | 57 | 7 | 207 |
| 9 | DANG | 58 | 8 | |
| 10 | PANCHMAHAL | 59 | 9 | |
| 11 | BANASKANTHA | 60 | 10 | 210 |
| 12 | BHARUCH | 61 | 11 | 211 |
| 13 | BHAVNAGAR | 62 | 12 | |
| 14 | MEHSANA | 63 | 13 | |
| 15 | RAJKOT | 64 | 14 | |
| 16 | VADODARA | 65 | 15 | 215 |
| 17 | VALSAD | 66 | 16 | 216 |
| 18 | SABARKANTHA | 67 | 17 | 217 |
| 19 | SURAT | 68 | 18 | 218 |
| 20 | SURENDRANAGAR | 69 | 19 | |
| 21 | DIV | 70 | 36 | |
| 22 | DAMAN | 71 | 20 | |
| 23 | DADARA NAGAR HAVELI | 72 | | |
| 24 | ANAND | 73 | 21 | 221 |
| 25 | PORBANDAR | 74 | 25 | 225 |
| 26 | DAHOD | 75 | 24 | |
| 27 | NARMADA | 76 | 26 | |
| 28 | PATAN | 77 | 22 | 222 |
| 29 | NAVSARI | 78 | 23 | |
| 30 | TAPI | 79 | 28 | |
| 31 | ARAVALI (MODASA) | 80 | 29 | |
| 32 | BOTAD | 81 | 30 | |
| 33 | CHHOTA UDEPUR | 82 | 31 | |
| 34 | DEVBHUMI DWARKA | 83 | 32 | |
| 35 | GIR SOMNATH (VERAVAL) | 84 | 33 | 233 |
| 36 | MAHISAGAR (LUNAWADA) | 85 | 34 | |
| 37 | MORBI | 86 | 35 | 235 |